ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# એક વર્ષમાં ૧૮ સરકારી કર્મચારીઓ સામે લાંચ કેસમાં ગુન્હો દાખલ કરાયો

**વર્ગ-૧ ના પાંચ અને વર્ગ -૨ ના ૨ સહીત વર્ગ -૩ ના ૧૦ સહીત કુલ ૧૮ કર્મચારી અધિકારીઓ ગુન્હામાં ઝડપાયા : જિલ્લામાં ૧૮ ગુન્હાઓ પૈકી એ સી બી એ ૧૩ ટ્રેપ કરી**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર જિલ્લામાં એક વર્ષ દરમિયાન ૧૮ સરકારી કર્મચારીઓ એ સી બી ની ટ્રેપમાં ઝડપાયા છે. જેમાં વર્ગ -૧ ના ૫ અને વર્ગ - ૨ ના ૨ સહીત વર્ગ ૩ અને ૪ ના કુલ ૧૧ કર્મચારીઓ સામે લાંચનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં વર્ષ ૨૦૧૮ દરમિયાન કુલ ૧૮ ગુન્હાઓ સંદર્ભે ૧૩ કિસ્સામાં ટ્રેપ કરી ૨૦ આરોપીઓ સામે કાર્યવાહી કરી છે.

ગાંધીનગર જિલ્લામાં કાર્યરત અનેક વિધ સરકારી કચેરીઓમાં દિન પ્રતિદિન ભ્રષ્ટ વહીવટની ફરિયાદો વધતી જાય છે. આમ નાગરિકો પણ ઘણીવાર ભ્રષ્ટાચારની ફરિયાદોથી ગળે આવી ગયા હોવાનો રોષ પણ ઠાલવી રહ્યા છે. ત્યારે ભ્રષ્ટાચારનો ભોરિંગ સરકારી બાબુઓને વિશેષ રીતે ભરખી ગયો છે. આવા સંજોગોમાં આવા અધિકારીઓ સામે પણ વિશેષ ફરિયાદો ઉઠવા પામે છે. ભ્રષ્ટાચારના મામલે આમ નાગરિકોમાં જાગૃતિ વધતા ભ્રષ્ટાચારની ફરિયાદો પણ એ સી બી ત્વરિત કરવાના મામલે પણ જાગૃત નાગરિકો સજાગ બન્યા છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮ દરમિયાન કુલ ૨૦ આરોપીઓ સામે એ સી બી એ ટ્રેપ કરી ગુન્હો દાખલ કરી તપાસ કરી છે. જયારે આ પૈકી સરકારી કર્મચારીઓ અને અધિકારીઓમાં વર્ગ-૧ ના ૫ વર્ગ -૨ ના ૨ વર્ગ -૩ ના ૧૦ અને વર્ગ -૪ ના ૧ કર્મચારી સામે એ સી બી એ મળેલી ફરિયાદના આધારે ગુન્હો દાખલ કર્યો છે. જયારે ૧૮ ગુન્હાઓ સંદર્ભે ૧૩ કિસ્સામાં ટ્રેપ કરી ૨૦ આરોપીઓ સામે કાર્યવાહી કરી છે. આ ઉપરાંત અન્ય નાગરિકો પૈકી ૨ વ્યકિત સામે પણ એ સી બી એ ફરિયાદના અનુસંધાને ગુન્હો દાખલ કર્યો છે. ગાંધીનગર એકમ મુજબ ગાંધીનગર મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી સહીત કુલ ૪૪ ગુન્હાઓ શોધી ૩૬ ટ્રેપ કરી છે. જેમાં ૪ સરપંચ સહીત ૬૪ આરોપીઓ સામે કાર્યવાહી કરી છે.

# શહેરમાં કોલ્ડવેવ યથાવત

**મહત્તમ તાપમાન ઘટતા દિવસે ઠંડી વધી : ડિસેમ્બરના અંતિમ દિવસોમાં આકરી ઠંડી : લઘુત્તમ તાપમાન ૯.૪ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૨૫.૦ ડિ.સે. પહોંચતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો પુનઃ અનુભવાઈ રહ્યો છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઝડપભેર ઘટતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓને દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રોમાં સજ્જ થઈ ઠંડીથી રક્ષણ મેળવવુ પડે છે.

દેશના ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાન સહિત સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. જેની અસર તળે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આકરી ઠંડી અનુભવાઈ રહી છે. લઘુત્તમ તાપમાન છેલ્લા કેટલાક દિવસોથી ૧૦ ડિગ્રીની નીચે રહેતા રાત્રિ દરમ્યાન ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બન્યું છે. આકરી ઠંડીના કારણે સાંજથી જ શહેરમાં અવરજવર સાવ ઓછી થઈ જાય છે. રાત પડતાં જ શહેરમાં જાણે કરફ્યુ હોય તેમ સુનકાર વ્યાપી જાય છે. શહેરના કેટલાક વિસ્તારોમાં તો અવરજવર સાવ ઓછી જોવા મળે છે. વહેલી સવારે શાળાએ જતાં બાળકો ઠંડીમાં ઠુંઠવાઈ જાય છે. ક્યારેક તો ગરમ વસ્ત્રો પણ આકરી ઠંડીમાં રક્ષણ આપી શકતા નથી. લઘુત્તમ તાપમાન ઘટવાની સાથે સાથે દિવસે પણ તાપમાન ઘટ્યું છે. દિવસ દરમ્યાન સતત ઠંડો પવન ફુંકાતા મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સુધી ગગડી ગયુ છે.



# વાઈબ્રન્ટને પગલે ગોકુલપુરામાં દબાણકર્તાઓને નોટીસ ફટકારાઈ

**રી-સર્વેના અંતે ૫૯૦ જેટલા દબાણકર્તાઓને નોટીસ આપી દેવાઇ**

ગાંધીનગર તા ૨૬

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. નગરને સુંદર બનાવાની સાથે દબાણમુક્ત કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે.

ગોકુલપુરા સામેના વિસ્તારમાં પણ દબાણો મામલે તંત્રએ રી સર્વે કરી લીધો છે.જેના અંતે દબાણકર્તાઓને નોટીસ પણ આપી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં દબાણો દુર કરવાના મામલે કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ સંભાવના છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને નગરને સુંદર સ્વચ્છ અને દબાણમુક્ત કરવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવા માટે પણ નગરના રસ્તાઓ , સર્કલો અને ફુટપાથો સહીત સેન્ટ્રલ વર્જમાં કામગીરી ચાલી રહી છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દબાણ હટાવ અભિયાનનુ સુરસુરિયુ થઈ ગયુ છે. દિવાળી પુર્વે નગરમાં દબાણો દુર કરવા રોજબરોજ તંત્રની ટીમ સાધનો લઈને ત્રાટકતી હતી. પરંતુ દર વખતની જેમ દબાણો પાછા જગ્યાએ ગોઠવાઇ ગયા છે. ફરી એકવાર દબાણ હટાવ ઝુંબેશ નાટકીય પુરવાર થઇ છે.જેના લીધે નગરના કોર્મશિયલ વિસ્તાર પાસે વાહન પાર્કીંગ પ્લેસ પર દબાણોની હારમાળા સર્જાઇ છે. ત્યારે વાઈબ્રન્ટ નજીકમાં છે. ત્યારે દબાણતંત્રની ટીમ ફરી કામે લાગશે. નગરમાં દબાણો દુર કરવાની સાથે મહાત્મા મંદિરમાં જ્યાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની

● અનુસંધાન પાન-૭ પર

# ઘ અને ગ માર્ગ પર ૬૦૦-૬૦૦ મીટરના બે અન્ડરપાસ બનશે

**સ્માર્ટ સિટી અંતર્ગત નિર્માણ પામનાર અન્ડર પાસ માટે મનપા દ્વારા આ અંગેના ટેન્ડરપ્રક્રિયા હાથ ધરાઈ : રૂ. ૮૪ કરોડ જેટલો ખર્ચ થવાના અંદાજો**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત 'ઘ' રોડ અને 'ગ' રોડ પર એમ બે અન્ડરપાસ બનાવાશે.

આ બે અન્ડરપાસ બનતાં સેન્ટ્રલ વિસ્ટા ચ-૪ થી ગ-૪ સુધી એક જ પ્લોટ બની જશે જે મહાત્મા મંદિરને જોડતી હશે.

ગાંધીનગર શહેરના રોડ એન્જીનીયરીંગમાં બદલાવ અંગેની વાતો છેલ્લા ચારેક વર્ષથી કરવામાં આવી રહી હતી તે હવે વાસ્તવિકતા તરફ કૂચ કરી રહી છે. આ બન્ને અન્ડરપાસ બનાવવા માટેના ટેન્ડર જારી કરી દેવામાં આવ્યા છે અને આ કામ આગામી નાણાંકીય વર્ષમાં શરૂ થઈ શકશે તેવા સંકેતો પણ મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થઈ રહ્યા છે.

આ બન્ને રોડ પર ૬૦૦ મીટરના બે અન્ડરપાસ બનાવવાનું આયોજન હાલ વિચારવામાં આવ્યુ છે. આ અન્ડરપાસ પણ ફોરલેન હશે. આ અન્ડરપાસની બાજુમાં સર્વિસ રોડ પણ આપવાનું આયોજન હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

મળતી વિગતો પ્રમાણે ઘ-૪ અને ગ-૪ના ટ્રાફિક આઈલેન્ડ નીચે આ અન્ડરપાસ બનાવવાની ડિઝાઈન તેમજ તેમની તાંત્રિક વિગતો સાથેની માહિતી પ્રિ.બીડમાં ચકાસવામાં આવશે. આ અન્ડરપાસ બનાવવા પાછળ રૂ. ૮૪ કરોડ જેટલો ખર્ચ થવાનો અંદાજ છે.

એક તબક્કે ગાંધીનગર મહાત્મા મંદિરને જોડતા અન્ડરપાસને લઈ બનાવવા સામે માર્ગ-મકાન વિભાગે જ નારાજગી વ્યક્ત કરી હતી અને આ પ્રોજેક્ટની ફાઈલો પર ધૂળ ચડી જવા પામી હતી.

આ આખાય પ્રોજેક્ટનું પ્રિ-બિડીંગ જાન્યુઆરીના અંત સુધીમાં થઈ જશે અને તે પછી તેની મંજૂરી સહિતની વહીવટીય પ્રક્રિયા પૂર્ણ કરી દેવાશે.

ઘ-૪ પાસે પથિકાશ્રમ તરફ ૩૦૦ મીટર અને ઘ-૪ થી ઘ-૫ તરફ ૩૦૦ મીટર તેવી જ રીતે ગ-૪ થી ગ-૩ તરફ ૩૦૦ મીટર અને ગ-૪ થી ગ-૫ તરફ ૩૦૦ મીટરના આ અન્ડરપાસ બનાવવામાં આવશે.

ગાંધીનગરના રોડ એન્જીનીયરીંગમાં બદલાવ કરતા આ અન્ડરપાસ પ્રોજેક્ટ્સને સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત સમાવવામાં આવ્યા છે. શહેરમાં અન્ય અન્ડરપાસ બનાવવાની માંગ હાલના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯,૭૪૩ ખેડૂતોએ સહાય મેળવવા અરજી કરી

**કૃષિ ઈનપુટ સહાય મેળવવા માટેની અરજીઓ સ્વીકારવાની મુદત વધારતી સરકાર**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧૯ હજાર જેટલા ખેડૂતોએ સરકારની કૃષિ ઈનપુટ સહાયની યોજનાનો લાભ લેવા માટે તેમની અરજીઓ તંત્રને આપી દીધી છે.

દરમ્યાન રાજ્ય સરકારે આજે આ સહાય માટેની અરજીઓ સ્વીકારવાની મુદત ૧૪મી જાન્યુઆરી સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. સરકારે જણાવ્યુ છે કે જે ખેડૂતોને છે તેમને સહાય પ્રાપ્તી માટે પુરતો સમય મળી રહે તે માટે આ મુદત વધારવામાં આવી છે. સરકારના અંદાજ પ્રમાણે રાજ્યના ૨૨ લાખ ખેડૂતોને આ સહાય આપવાના લક્ષ્યાંક કરતાં ઘણી ઓછી અરજીઓ ખેડૂતોની મળી છે તેમજ રવિ સિઝનની વાવણીને લઈ ખેડૂતો આ વિધિ સંપન્ન કરી શક્યા ન હોવાની મળેલ રજુઆતને પણ ધ્યાને લઈ આ મુદત વધારવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ત્રણ તાલુકા ગાંધીનગર, કલોલ અને માણસાના ખેડૂતોને આ કૃષિ ઈનપુટ સહાય મળવા પાત્ર થાય છે. જ્યાં ૪૫૦ મી.મી. કરતાં ઓછો વરસાદ થયો છે.

જિલ્લામાં ગાંધીનગરમાંથી ૬૨૮૬ ખેડૂતો, કલોલમાંથી ૩૮૦૫ ખેડૂતો અને માણસામાંથી ૯૬૫૨ ખેડૂતોએ મળી કુલ ૧૯,૭૪૩ ખેડૂતોએ આ સહાય મેળવવા અરજી કરી છે. ખેડૂતોએ કોલ અરજીને આધારે એવુ કહી શકાય કે જિલ્લાની ૧૧૦૮૪ હેક્ટર વિસ્તારને અસર થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર



ભારત રત્ન અટલ બિહારી બાજપાઈના જન્મદિવસ સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે મહેસુલી કચેરીઓમાં લોકાર્પણના કાર્યક્રમના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે વાવોલના અગ્રણી ખેડૂત પ્રેમલસિંહ ગોલને ઓનલાઈન અરજીથી મંજુર કરેલ બિનખેતીનો હુકમ એનાયત કરાયો હતો તે પ્રસંગની તસવીર.

# સરગાસણમાં નવો ૫૦ એમએલડી પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરાશે

**આ પ્લાન્ટના આધારે પ્રતિદિન ૪૦ એમ એલ ડી પાણી જી ઇ બી થર્મલ પાવરને સપ્લાય કરાશે : નગરના અન્ય ઉદ્યાનોની હરિયાળી પણ બરકરાર રહેશે**

ગાંધીનગર તા ૨૬

શહેરના ઉદ્યાનો તેમજ જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને પાણી સપ્લાય કરવા માટે સરગાસણ ખાતે ૫૦ એમ એલ ડી નો નવો પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેના અંતે જી ઈ બી થર્મલ પાવરને પ્રતિદિન ૪૦ એમ એલ ડી તેમજ નગરના અન્ય ઉદ્યાનોને ૧૦ એમ એલ ડી પાણી સપ્લાય કરાશે. આ કાર્યયોજનાના અંતે શહેરના ઉદ્યાનોની પાણીની જરૂરિયાત સંતોષાશે.

ગાંધીનગરમાં માથાદીઠ પાણીનો વપરાશ વધુ છે.જયારે શહેરમાં સૌથી વધુ પાણી વપરાતુ હોવાનો અંદાજ છે. જો કે પાણીનો બગાડ પણ વિશેષ થાય છે. આવા સંજોગોમાં રહેણાંક અને ઓફિસ ઉદ્યોગોની સાથે નગરના ઉદ્યાનોની પાણીની જરૂરિયાત સંતોષવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. આમ પણ સરકાર પાણીના સપ્લાય પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે બગીચાઓને પાણી પુરુ પાડવાનુ વધુ ખર્ચાળ બન્યુ છે. ગરમીના દિવસોમાં પાણીનો સપ્લાય કરવાનુ વધુ મુશ્કેલ બને છે.જેને અનુલક્ષીને સરગાસણ ખાતે અગાઉ ૧૦ એમ એલ ડી નો પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવવામાં આવ્યો હતો. દુષિત પાણીને શુધ્ધ કરી ઉદ્યાનોને પાણી પુરુ પાડવા માટે આ પ્લાન્ટના આધારે હાલ સ્વર્ણિમ પાર્ક તેમજ સરીતા ઉદ્યાન , નવા સચિવાલય અને સે-૨૮ ના બગીચાને પણ પાણી પુરુ પાડવામાં આવે છે. પરંતુ હજુ પણ નગરના અન્ય ઉદ્યાનો તેમજ જીઈબી થર્મલપાવર સ્ટેશનને પાણી સપ્લાય કરવાનુ અનિવાર્ય હોવાથી

● અનુસંધાન પાન-૭ પર

# રાત્રે ૧૧ વાગ્યા બાદ શાળા પ્રવાસની બસ પર પ્રતિબંધ

**રાત્રિ ગાળામાં શ્રેણીબદ્ધ અકસ્માત બાદ નિર્ણય : વિદ્યાર્થી પ્રવાસમાં થતા અકસ્માતને રોકવા માટે ગુજરાત સરકારનો નિર્ણય : કેબિનેટ મિટિંગમાં મહત્વપૂર્ણ નિર્ણય**

ગાંધીનગર,તા. ૨૬

ગાંધીનગર ખાતે આજે સચિવાલયમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક યોજાઇ હતી. તેમાં એક મહત્વનો નિર્ણય લેવાયો છે. છેલ્લાં કેટલાંક દિવસથી વિદ્યાર્થીઓની પ્રવાસમાં ગયેલી બસના અકસ્માતમાં સમાચાર સામે આવી રહ્યા છે. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના પ્રવાસમાં થતા અકસ્માતને રોકવા માટે રાત્રિના ૧૧ થી સવારના ૬ કલાક સુધી શાળા પ્રવાસની બસો ચલાવી શકાશે નહી કે, પ્રવાસ કરી શકાશે નહીં. વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં સરકારે આ બહુ મોટો નિર્ણય જાહેર કર્યો છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, આપણે થોડા સમયથી જોઈએ છીએ કે શાળાનાં વિદ્યાર્થીઓને પ્રવાસે લઇ જતા વાહનોને અકસ્માત નડતા અનેક બાળકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમના મોત પણ નીપજ્યાં છે. સરકાર તરફથી બાળકોને સહાય પણ જાહેર કરવામાં આવી છે અને ઈજાગ્રસ્ત બાળકોને સારામાં સારી સારવાર આપવામાં આવી રહી છે. પરંતુ ભવિષ્યમાં આવા બનાવ ન બને તે માટે સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. શાળાના બાળકોને પ્રવાસે લઈ જતી બસો રાતનાં ૧૧ કલાકથી સવારે ૬ કલાક સુધી પ્રવાસ નહીં કરી શકે. જે બસો રાતે પ્રવાસ કરતી હતી અને વિવિધ જગ્યાએ અકસ્માતનો ભોગ બની તેવું ભવિષ્યમાં ન થાય એટલે રાતે બસો પ્રવાસ કરી શકશે નહીં. આ ઉપરાંત બાળકોને રાતે રહેવાની યોગ્ય વ્યવસ્થા કરશે.


ફક્ત ૧૦ મીનીટમાં પાસપોર્ટ ફોટા

₹૫૦/- માં 08 પાસપોર્ટ ફોટા

• Videography • Photography, • Editing Work • Ad Film, • Documentary Film, • Short Film, • Online Marketing

Red Smile Entertainments

We entertain with smile to make you smile

Call - 88 66 3235 67 | WhatsApp - 72 72 8892 51

SHOP NO. 104, FIRST FLOOR, PRARAMBH PLAZA, SECTOR NO. 6/A, GANDHINAGAR - 382006







ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે

આયોજિત

સ્થાનિક સહયોગ : સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર



ગુજરાતી ભાષામાં આત્મકથા લખાયાના ૧૫૧ વર્ષ નિમિત્તે રંગમંચ પર પ્રથમ વાર એક સાથે પાંચ-પાંચ સાક્ષર-વ્યક્તિત્વ નર્મદ, મણિલાલ દ્વિવેદી, મોહનદાસ ગાંધી, ક.મા. મુનશી, ચંદ્રકાન્ત બક્ષીની આત્મકથાના અંશોનું મંચન

હું આત્મકથા છું

નિર્માણ, પરિકલ્પના, સંકલન, સહ દિગ્દર્શન – જ્વલંત છાયા

તારીખ : ૨૮ ડિસેમ્બર, ૨૦૧૮ શુક્રવાર
સમય : રાત્રે ૯-૧૫ કલાકે
સ્થળ : ટાઉન હોલ, ગાંધીનગર

: અભિનય :
રક્ષિત વસાવડા,
હર્ષિત ઢેબર,
હિતાર્થ ભટ્ટ,
દેવર્ષ ત્રિવેદી,
ક્રિષ્ના પટેલ

આ કાર્યક્રમ નિહાળવા પધારવા રસ ધરાવતા સૌને અમારું હાર્દિક નિમંત્રણ છે.

પરાગ શુક્લ
ગગુભા રાજ
કલ્પેશ ભટ્ટ
મંત્રીઓ, સંસ્કૃતિ સંસ્થા

ડૉ. અજયસિંહ ચૌહાણ
મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com